મુંબઇ ઇલાકાના સરકારી કેળવણી ખાતા તરફથી
મંજુર થએલી.

દેલવાડાકર સિરીઝ.

(બાળ-ગ્રંથાવળી નં. ૮)

બાળ-કહાણિયો.

પ્રકાશક તથા લખનાર,

ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર,
મુંબઇ.

પ્રથમાવૃત્તિ ૧૯૫૫–દ્વીતિયા ૧૯૫૮,
સુધારેલી આવૃત્તિ ત્રીજી.

ગીતિ.

કાચાં વાસણપરની, ભાત ઠસેછે પકાવતાં જેવી:
ત્યમ બાળકના મનમાં, નીતિ ઠસેછે કથામિષે તેવી.

' હિતોપદેશ '

અમદાવાદ—" ગુજરાત પ્રી. પ્રેસ " શા. સોમાલાલ મંગ-
ળદાસે છાપી. ઠે. પાંચકુવા.

વિ. સ. ૧૯૭૪ ઇ. સ. ૧૯૧૮—પ્રત ૫૦૦

નિશાળોપયોગી ફ્રૉબેલની બક્ષિસો, ચિત્રો, નકશાઓ મળશે.

હેલવાડાકર કિન્ડરગાર્ટન-સ્ટોર્સ.

૧.	મૂળાક્ષરો (પદ-વાક્ય) શીખવવાનું બોકસ	રૂ. ૧-૦
૨.	મૂળ ભાગ (સચિત્ર) પહેલી ચોપડી દરેક	૦-૨
૩.	આંક-અક્ષર શીખવાનું મણકાનું બોકસ	૦-૧૨ થી ૨-૪
૪.	હિસાબ શીખવાની મણકાની ઘોડી	૧-૧૪ થી ૭-૮
૫.	સ્લેટો પથ્થરની (મણકા જોડેલી)	૦-૨ થી ૧-૮
૬.	સ્લેટો પથ્થરની આંકેલી-ડબલ મોટી	૨-૪
૭.	સ્લેટો કાર્ડ બોર્ડની આંકેલી	૦-૮
૮.	સ્લેટો કાડ બોર્ડની મોટી-ઘોડી સાથે	૧-૪ થી ૨-૮
૯.	ચિત્રો (સ્લેટ-કાગળપર) પાડવનાં બોકસ (સચિત્ર)	૧-૨
૧૦.	,, (રંગ પેનથી) પાડવાનાં બોકસ ,,	૧-૮
૧૧.	,, (મોડેલથી) પાડવાનાં બોકસો ,,	૨-૧૦
૧૨.	ચિત્ર બુકો (૭ રંગો સાથે) તરેહવાર	૦-૧૨ થી ૨-૮
૧૩.	રંગાકારનાં બોકસો (રીગર લેઈંગ)	૦-૧૨ થી ૨-૮
૧૪.	ચિત્રો ગોઠવવાનાં પઝલ બોકસો	૦-૮ થી ૪-૮
૧૫.	બીલ્ડીંગ બોકસ (નમુના સાથે)	૦-૧૨ થી ૨-૪
૧૬.	પશુ-પંખીઓના કાર્ડ-પૅકેટ (૪) દરેકના	૦-૧૨
૧૭.	મીકેનીકલ એનીમલ્સ નં. ૧ થી ૮ દરેકના	૧-૧૨
૧૮.	A. B. C. લેટર પીસીસ	૦-૧૨ થી ૨-૧૨
૧૯.	,, વર્ડ બીલ્ડીંગ (ઘોડી સાથે)	૧-૧૨
૨૦.	,, પિક્ચર બોકસ અને બ્લોકસ	૧-૮ થી ૩-૮
૨૧.	,, સચિત્ર બુકસો તરેહવાર	૦-૨ થી ૨-૮
૨૨.	કિન્ડર ગાર્ટન બક્ષિસ ૧ થી ૬ સુધી	૧૦-૦
૨૩.	કિન્ડર ગાર્ટન ગુજરાતી ગ્રંથમાળા	૪-૦
૨૪.	ભરત ચિત્રનાં બોકસ	૦-૧૦ થી ૨-૪
૨૫.	દુનિયાના સિક્કા (વાટકા સાથે) કાર્ડ દરેકના	૦-૪
૨૬.	મ્યુઝીકલ ડમ્બેલ્સ-જોડીના	૦-[illegible]
૨૭.	કિન્ડરગાર્ટન ગાઈડ-રંગીન ચિત્રો સાથે	૬-૧૨
૨૮.	ઇંગ્લીશ ઓબ્જેક્ટ લેસન પીક્ચર્સ-ચાર્ટ	૨-૪
૨૯.	,, ,, કાર્ડસ	૧-૮ થી ૩-૦

દેલવાડાકર' સિરીઝ.

બાળ ગ્રંથાવળી નં. ૯

બાળ-કહાણિયો.

ગમ્મત સાથે જ્ઞાન-કથા કહાણિયોથી થશે;
દેતાં વિદ્યાદાન-આળસ સૌ ઉડી જશે.

વાર્તા પ્હેલી.

ઉદ્યોગી અંબુ.

અંબુને ફુલપાનનો ઘણો શોખ હતો. તેણે મોગરાનું ઝાડ વાવ્યું, પણ ઉગ્યું નહિ. બીજી વખત ઘણીજ મહેનતે વાવ્યું, પણ ફૂલ આવ્યાં નહિ. શોખને લીધે ત્રીજીવાર પ્રયત્ન કર્યો, તો તે પણ રદ ગયો. આખરે થાકીને એ કામ છોડી દીધું, પણ તેના બાપે તેને કહ્યું કે ' કાયર થઈને આરંભેલું કામ છોડી કેમ દે છે ? જો ફરી ફરી કર ! તારૂં કામ પાર પડશે. ' બાપાની શીખામણ માનીને અંબુએ ફરી મોગરો વાવ્યો, તો ઉગી નીકળ્યો, અને દરેક ઋતુમાં ફૂલ આપવા લાગ્યો. એ રીતે અંબુને હવે ઉમંગથી ફરી ફરી કામ કરવાની ટેવ પડી અને તેથી તે એક મોટો ઉદ્યોગી માણસ થયો.

ઉમંગથી જે આદરે, સારાં સારાં કામ;
સુખી થાય સંસારમાં, રાખે નિર્મળ નામ.

વાર્તા બીજી.
ડોશી ને ઉંદર.

એક માયાળુ ડોશીએ, માતાથી તજાયલાં ઉંદરનાં બચ્ચાંને પાળી પોષીને મોટું કર્યું. ડોશીએ, એ બચ્ચાં માટે સુંદર પાંજરૂં ઘડાવ્યું, અને તેમાં તેને રાખ્યું. ડોશી દરરોજ ઉંદરને ખાવા પીવાનું આપતી, પણ નાદાન ઉંદર રાતે પાંજરાની બહાર નીકળીને કપડાં કરડી ખાતો અને સવાર પ્હેલાં પાંજરામાં પેસી જતો. ડોશીના જોવામાં કરડેલો ભાગ આવતો ત્યારે તે બહારના ઉંદર ઉપર શક લાવતી હતી. એક દીવસ તો ડોશીનું કિમતી લુગડું કરડી ખાધું. ડોશીને તે દીવસે ઘણી ચીડ ચડી, અને ઉંદરને પકડવાનું પાંજરૂં લાવી મુકયું. આ ચાલાક બચ્ચું બહાર નીકળ્યું, અને ડોશીના આંગળાંને ચટકો ભરીને પોતાના પાંજરામાંજ સંતાઇ ગયું. સવારે ડોશી જોય છે તો પોતાનાં આંગળાં કરડેલાં, અને ઉંદર નાશી ગયેલો દેખાયો. ડોશી કંટાળી ગઇ અને બીજે દીવસે ઉંદરને મારી નાંખવાનું ઝેર લાવી તે ઝેર લોટમાં મેળવી લાડુ કરીને ઘરમાં મુકયો. રાત્રે જ્યારે લુચ્ચો ઉંદર બહાર નીકળ્યો, અને તેનાં જોવામાં લાડુ આવતાં તે ખાધો, કે તરત મરી ગયો, સવારે ડોશીની નજરે પોતાનોજ ઉંદર પડયો. જો કે ડોશીને ઘણું દુઃખ થયું, પણ પાળેલો કૂતરો પગ કરડે, ને તેપર ધિઃકાર છુટે તેમ ઉંદરપર ધિક્કાર છુટયો ને ડોશી બોલીઃ—

દોહરો.

હેત કરી હરખાવીને પાળે પોષે નિત્ય;
તેનું બુરૂં જે કરે, હોય નકી તે નીચ.

વાર્તા ત્રીજી.

કાગડા–કૂતરા–કૂકડાં ને ડોશી.

કૂતરાં ને કૂકડાંથી કંટાળેલો કાગડો એક ડોશીની કને ફરિયાદ કરવા ગયો. અને બોલ્યો કે 'ડોશી મા ! હું તમારા ચોકમાંથી અજીઠું ને કચરો સાફ કરૂંછું, તો તમારો ચોકીદાર કૂતરો મને મારવા આવે છે. વળી તમારાં કૂકડાં, જે તમારી મીઠી ઉંઘ ઉરાડી દે છે, તે પણ મને મારવા આવે છે.' આ વચનો સાંભળીને કૂતરો અને કૂકડાં તો હસવા લાગ્યાં. અને ડોશી પણ હસીને બોલી. 'રે! મતલબી કાગા ભાઇ! તમે મારા બારણામાં પડેલી ચીજો ખાઇને પેટ ભરો છો, અને તમારા ખરાબ થયેલા પગ, અમારા ઘરના સાફ કરેલા ઉંબરા તથા બારીપર મુકો છો, તથા તમારી અજીઠી ચાંચ, ચોખા પાણીમાં બોળો છો, એટલુંજ નહિ પણ જો મારાં કૂતરાં ને કૂકડાંની બેદરકારીને લીધે તમને છુટ મળે તો ઘરમાં પેસી જઇ, ચીકાશવાળાં નાનાં વાસણ ઉંચકી જવાને પણ તમો વિસરતા નથી, અને ઉલટા તમે ખોટી વાતો કરીને બીજાંને હલકાં પાડો છો! જાઓ, તમારા ગંદા મોઢાંને અને ખરાબ પગને દુર રાખો. તમારી સેવા અમારે નથી જોઇતી.' કાગડાજી શરમાઇને ચાલ્યા. તેવામાં કૂતરાં ને કૂકડાં બોલ્યા—

મતલબીયાં માણસ જુઓ, નકટાં ને નાદાન;
પરનું બુરૂં બોલતાં, ખોયે નિજનું માન.

વાર્તા ચોથી.

ખુરસી અને છોકરી.

એક છોકરીએ ખુરસીબાઇને પુછ્યું કે 'બેન ? તમે ઘણાં ઉદાસી લાગો છો ? ' ખુરસી બોલી ' મારી નાની બેન ? મારી વાત સાંભળો. પહેલાં હું જંગલમાં ખુશ હવા ને પાણી લેતી હતી, ત્યાંથી કોઇ માણુસ મને કાપી લાવ્યો. મારાં ઝુંડ અને વનથી મને છુટી પાડી. મારાં લીલાં કોમળ પાંદડાં ને સુંદર ફુલથી, સદાની વેગળી કરી. ઝરાનાં ઠંડા પાણી પીતી અળગી કરી. દયા વગરનાં માનવીઓએ મને ઘેર લાવીને મારી છાલ ઉતારી કકડા કર્યા, અને તેના ચાર પાયા બનાવ્યા. વળી મારી અંદર કાણાં પાડીને તેમાં નેતર ભરી. એટલું દુઃખ સહન કરતાં છતાં, વળી મારા અંગપર લોકો બેસવા લાગ્યાં. મને રોગાન મારીને ભપકાદાર કરી, પણ મારાપર બહુ જુલમ થયો. એ બધું યાદ કરતાં મને બહુ દુઃખ થાય છે બેન ! ' આવું સાંભળીને છોકરી બોલી ' ખુરસી બેન ! તમે ભાગ્યશાળી ખરાં. ' તમે ઝાડ જેવાં જડ હતાં તેને ચંચળ કારિગરે સુધાર્યાં, અને જંગલમાંથી માણુસમાં લાવવામાં આવ્યાં. વળી આ તમારા સુંદર ઘાટથી રાજા લોકો પણ તમને પોતાના શણગારેલા દીવાનખાનામાં રાખવા લાગ્યા. ને માનને ઠેકાણે તમને વાપરવા લાગ્યા છે માટે તમારે તો માણુસનો ઉપકાર માનવો જોઇએ. " ખુરસી જ્યારે આ સઘળું સમજી ત્યારે બોલીઃ—

જડ જેવી હું તો હતી, તે થઇછું ગુલનાર;
કારિગરના બળથકી, પામી માન અપાર !
જગને છું જો કામની, તો મુજને સંતોષ,
દુઃખ ભલે સહેવું પડે, પણ નવ રહેશે રોષ.

વાર્તા પાંચમી.

માયાળુ બેન.

એક નાની છોડી, પોતાની મા વગરની બેન માટે એક ગરીબ ગાય પાસે દૂધ લેવા ગઈ, અને દયામણે મોઢે બોલી. ' ગાય મા! મને તારૂં મીઠું દૂધ આપ, તો હું મારી નાની બેનને પાઉં! એ મા વગરની છે?' ગાય બોલી, ' નાની છોડી! હું ભૂખી છું માટે જરા ઘાસ લાવ, અને તે જો હું ખાઉં, તો દૂધ આપું માટે તબેલાવાળાને ત્યાં જા.' ગરિબ બિચારી ગરજુ છોડી ઘાસવાળા પાસે જઇ બોલી. " ભાઇ ઘાસવાળા! તારા તબેલામાંથી ઘાસ આપ, તો ગાય દૂધ આપે ને તે મારી બેનને પાઉં!" ઘાસવાળાએ કહ્યું, ' દીકરી! તું વરસાદજીને અરજ કર, તેથી ઘાસ ઉગે, ને, કાપીને હું આપું!' છોડી વરસાદજીને અરજ કરીને બોલી! ' વરસાદજી! તમો વેલા વેલા આવો. આકાશમાં કાળાં વાદળાંમાં છુપાઇને કડાકા કરો છો, તો હવે જલદી પધારો.' ગરીબ છોડીની અરજથી વરસાદજી આવ્યા—ઘાસ ઉગ્યું. તે ઘાસ ગાયને ખવરાવ્યું, ગાયે દૂધ આપ્યું તે દૂધ લઇ પોતાની બેનને પાયું. નાની પણ ઉદ્યોગી છોડીએ પોતાની નાની બેન માટે કેટલી મહેનત કરી! જો એ પ્રમાણે માણસો મહેનત કરે, તો ઇશ્વર ફળ અવશ્ય આપે!

ઉમંગથી ઉદ્યમ કરે, મેળવશે અન્ન પાન;
આળસને અળગુ કરે, પામે જગમાં માન.

વાર્તા છઠ્ઠી.

કૂવો અને છોકરી.

કોઇ ગરીબ ફકીરે એક પરોપકારી છોકરી કને પાણી માગ્યું, ત્યારે છોકરી કૂવા પાસે આવી બોલી ' અરે! ઠંડા પાણીવાળા કૂવા મહેરબાની કરીને થોડું પાણી પીવા આપ ! ગરીબ બીચારો ફકીર બહુ હેરાન થાય છે.' ત્યારે કૂવે નરમાશથી કહ્યું 'દીકરી ! મારામાં કમ્મર સુધી પાણી છે. ઇશ્વરે તને હાથ આપેલા છે, તો તામડી લાવી, દોરડાંનો ફાંસો નાંખીને પાણી કાઢી લે. મારે કાંઇ હાથ છે જે તને આપી શકું!" છોકરી કંસારાને ત્યાં ગઇ, અને વિનંતિ કરી બોલી ' કંસારા ભાઇ ! ગરીબ ફકીરને પાણી પીવું છે, જો તમે તામડી આપો, તો હું પાણી લઇને હમણાંજ પાછી આપી જાઉં છું.' કંસારે કહ્યું 'બેન આ તામડી ઘડતાં મને બહુ મહેનત પડી છે માટે એમ કંઇ તામડી અપાય નહિ' તેવામાં રસ્તેથી એક સારો માણસ નીકળ્યો, તેણે આ વાત સાંભળી, ત્યારે કંસારાને કહ્યું ' રે દયા વગરના માણસ ! જરા વારમાં તારી તામડી પાછી આપી જવા કહે છે, તો પછી શા માટે ગરીબને પાણી પીતું ટાળે છે ! કોઇ વાવ-કૂવા બંધાવે છે, કોઇ વાસણોનાં દાન કરે છે, ને તું જરાવાર વાપરવા આપતાંયે હડીલો થાય છે? ' કંસારાને કંઇક દયા આવી, અને તામડી આપી. છોડીએ તે લીધી તો ખરી, પણ હવે દોરડાંનું શું કરવું? પોતાનું ઘર તો બહુ દૂર હતું. પેલા ભલા માણસને વાત કરી તો ફરી તેને દયા આવી, અને દોરડાં વણનારની નજીક દુકાન હતી ત્યાં જવા કહ્યું. છોકરી ત્યાં જઇ બોલી-" ભાઇ દોરડાંવાળા ! એક ગરીબ ફકીરને પાણી પીવું છે, ઘણા કાલાવાલાએ કંસારા કને તામડી લીધી, હવે તમે જો જરાવાર માટે દોરડું આપો, તો હું તે ફકીરને પાણી પાઉં!" દોરડાંવાળો બોલ્યો. ' બહેન હું કંસારા જેવો કંજુસ ને હડીલો નથી. પરોપકાર કરવો.

એ માણસનું કામ છે. આ દોરડું લઈ જા, ને કામ પુરૂં થયે પાછું આપજે, જા. " વણકરે દોરડું આપ્યું, છોડીએ તે સાધનો વડે ગરીબ ફકીરને પાણી પાયું, ને કંસારાને તથા દોરડાંવાળાને તેની જણસ પાછી આપી ને તેનો અતિ ઉપકાર માન્યો. ફકીરે છોડીને આશિષ દીધી, છોડી હરખાતી ઘેર ગઇ.

પરનું ભૂંડું જોઈને, ભૂંડાં રાજી થાય;
બીજાનું સારૂં કરી, સારાં મન હરખાય.
ભલો ભલાઇ નવ તજે, કરે બૂરૂં કોઈ જન;
ગુલાબ સુંદર વાસ દે, બહેકે ચંદન વન.

વાર્તા સાતમી.

હાથી અને કીડિનું કટક.

એક મસ્ત હાથી ઘેલો બન્યો, ત્યારે અનેક જંતુઓને તેણે કચરી નાખ્યાં, તેમાં એક કીડિબાઇનો બેટો પણ મરી ગયો. એથી કીડિને ક્રોધ ચડયો, અને સઘળી કીડિયોને એકઠી કરીને હાથી ઉપર ચઢાઇ કરી. હાથી દરબારગઢમાં મગરૂર થઇ પડયો હતો, ત્યાં કીડિઓએ જઇને ચટકા ભર્યા. હાથીએ જાણ્યું કે કીડિબાઇનું કટક આવેલું છે. પણ જો હું તેની સાથે લડીશ તો જીતવા છતાંએ સમજુ લોકોમાં નાદાન કહેવાઇશ. કેમકે કીડિ મારી બરાબરીમાં ઉભી શકે નહિ. અને જો હારીશ તો આબરૂ જશે. એ માટે દરકાર કરવી નહિ, કીડિઓએ હાથીની બેદરકારીનો લાભ લીધો, અને ચટકા ભરવા માંડી, પણ હાથીને કશું દુઃખ થાય નહિ. કીડિયોએ જાણ્યું કે હાથીને કશું જણાતું નથી, એટલે બીજું કટક બોલાવ્યું. હાથીએ અજાણતાંજ પગ ઉપાડયો, અને કીડિયોનું કટક જેવું ચાલવા માંડયું કે હાથીએ સઘળીને ચગદી નાંખી. કીડિયોને મરતી જોઇ એક જીવડે કહ્યું:—

ગજા વિના લડવા જતાં નક્કી મોતજ થાય;
મોટા સામે બાથતાં, કદિ નહિ જીતાય.

વાર્તા આઠમી.

કાગડો ને પોપટ.

વગડામાં ફરતાં ફરતાં એક કાગડાને પોપટ સાથે દોસ્તી થઇ. કાગડો ચતુર હોવાથી, અને એકલો પડી ગયેલો હોવાથી પોપટને નમીને બોલ્યો, 'પોપટજી ? તમે રૂપાળા છો તેથી હું તમને પગે પડું છું. કેમકે ઇશ્વરે તમને રૂપ આપ્યું છે. બીજાનું ભલું જોઇ રાજી થવું એ આપણું કામ છે. વળી તમારામાં રૂપ સાથે ગુણ છે તો તેથી હું વધારે નમું છું. હું તમારા ગુણોની પ્રસાદી માગુ છું. તમે ગુરૂ થઇને મને તમારો રાગ શીખવશો ? પોપટજી ફુલાઈ ગયા. અને ગુરૂપદ લેવા કાગડાને રાગ શીખવવા બેઠા. કેટલાક દીવસ સુધી તાલીમ આપી ત્યારે કાગડાના સાદથી પોપટ પણ બેસુરો થઇ ગયો. કાગડો જ્યારે પોપટ સાથે ગાવા લાગ્યો, એટલે સરખો અવાજ નીકળ્યો, ત્યારે કાગડે જાણ્યું કે આપણે પોપટ જેવું ગાતાં શીખી ગયા. કાગડાજી હરખાયા, અને પોતાની હુશિયારી બતાવા પોતાના દેશ તરફ જવા ધાર્યું. પોપટને કહ્યું કે 'તમને ગુરૂ દક્ષણા દેવાની છે માટે મારે દેશ ચાલો.' ભોળો પોપટ ગયો અને કાગડાની પરોણાગત ચાખવા લાગ્યો. આ મહેમાનગીરિથી પોપટે પોતાનો સુંદર ખોરાક તજી દીધો, અને કવળ ભ્રષ્ટ થઇ ગયો. કેટલાક દિવસ પછી પોપટ જ્યારે પોતાની પખી જાતમાં ગયો, અને પોતાને થએલી સોબતની અસરનો પ્રકાશ કર્યો ત્યારે આ ભ્રષ્ટ થયેલા કાગ–પોપટને મારી નાંખવામાં આવ્યો. મરતાં મરતાં બોલ્યો કે,

પોતાનું સારૂં છતાં, પરમાંહે લપટાય;
પછી ગગન પાતાળની વચ્ચે રહી લટકાય.
જેનું કામ નથી અને કરે કદી જગમાંય;
ખત્તા ખાયે ખાસ એ નક્કી તે નિંદાય.

વાર્તા નવમી.

ગોળનું માટલું ઉપાડનાર કીડી.

એક ગોળની વખારમાં જઇ બિલાડીએ રમત કરતાં ગોળનું માટલું ભાગ્યું, અને નરમ ગોળ નીચે ગળવા લાગ્યો. એક કીડિયે આ ખોરાક જોઇને કેટલીક કીડિયોને બોલાવી, અને ગોળનું માટલું ઉચકી જવાનો ઠરાવ કીધો. એવામાં એક ભમરો આવ્યો. તેણે તે કીડિયોને સમજાવી, પણ માન્યું નહિ. કીડિયો ગોળનાં માટલાને વળગી રહી, એવામાં એક ઉંદરે માટલાંપરથી કુદકો માર્યો, એટલે માટલું ઉંધું પડયું, અને કીડિયો ચગદાઇ ગઇ જ્યારે કીડિયોનાં પ્રાણ ગયાં, ત્યારે ભમરે કહ્યું:—

બળ વિણ બળજોરી કરે, મરે કમોતે આપ;
સમજાવ્યાં સમજે નહિ, ઠોકર ખાય અમાપ.

વાર્તા દસમી.

પોપટ ને મચ્છર.

એક મચ્છરે પોપટની સાથે વાદ કીધો. આ સરત એવી હતી કે જે પહેલો આકાશમાં ઉડી જાય તે ગુરૂ, ને બીજો ચેલો કહેવાય. બન્ને જણ આકાશમાં ઉડયા. મચ્છર ઉડતાં વચ્ચે થાકી ગયો, તોપણ જીવ ખેંચીને ઉડવા લાગ્યો, આખરે ગરમીને લીધે બળવા લાગ્યો, અને તમ્મર ખાઇને નીચે પડયો. પોપટ ઉડીને નીચે આવતાં મચ્છરને મરેલો જોયો. ત્યારે બીજાં પ્રાણી બોલ્યાં:—

ગજા ઉપર જો બળ વપરાય, આખર પોતે બહુ પસ્તાય;
લાંબા સાથે ટુંકો જાય—મરે નહિ તો માંદો થાય.

વાર્તા અગ્યારમી.

ગધેડા ને શિયાળ.

શેરડીના વાડમાં શિયાળ આવીને દરરોજ રાત્રે શેરડી ખાઇ જતો, એ સઘળું ગધેડો જોતો હતો. શિયાળ વાડ ઠેકીને અંદર જતો, પણ ગધેડાથી જઇ શકાતું ન હોતું. એટલે તેને અદેખાઇ આવી. તેથી જ્યારે શિયાળ વાડમાં પેસે, કે ગધેડો ભુંકે. તેથી વાડનો રખેવાળ ચેત્યો, ને બીજે દિવસે ગધેડાનું ભુંકણુ સાંભળીને રખેવાળે શિયાળને એવી શિક્ષા કરી કે તેનાથી આવી શકાયું નહિ, શિયાળે જાણ્યું કે ગધેડાને ફરી મારથી નહિ પણ જુક્તિથી જીતવો. એક દિવસ શિયાળ ગધેડા કને જઇ બોલ્યો! ‘ગધેડા ભાઇ! અમારે રાજા જોઇએ છે માટે તમે વન–પશુના રાજા થશો?’ ગધેડો આ વાત સાંભળીને ફુલાઈ જઇ હા કહેવા લાગ્યો. ચંચળ શિયાળે પશુને સમજાવ્યાં અને શણગારેલા રાજાને પોતાનો ધણી થાપ્યો. ગધેડાને સઘળાં પશુ ખાવાનું આપે. શિયાળ શેરડીના વાડમાં સુખે ખાય, તેની માલેકને હવે ખબરે પણ ન થાય. દિવસ ઘણા વીત્યા પછી ગધેડો ખુબ મફતનું ખાઇને મસ્ત બન્યો, ત્યારે તેને ભુંકણુ ને લોટણુ યાદ આવ્યું. ગધેડો તક જોઇને લોટવા ને ભુંકવા માંડયો, ત્યારે વનરાજ સિંહે જાણ્યું કે રાજા તો ગધેડો છે, એટલે તેને પકડયો, ને સઘળાં પશુઓએ તેને ત્યાંજ મારી ખાધો. ચતુર શિયાળે આ બનાવ જોઇ મનમાં કહ્યું:—

> કુજાતને દો રાજ પણ–અંતે થશે કુજાત;
> સાબુએ ધુએ કોયલા, ટળે ન કાળી ભાત.

વાર્તા બારમી.

હંસ અને કાગડો.

સુંદર ચાલના હંસને જોઇને કાગડો મોહિત થઈ ગયો. હંસ, દુધ. અને પાણીમાંથી દુધ પી જતો જોઈ પોતાને તેમ કરવાનું મન થયું. ઘણા ફાંફાં માર્યા, પણ કંઇ ન વળ્યું, એટલે સર્વ કાગડાઓએ સંપ કરીને હંસને મોતી ચરવાનું સરોવર સુકાવી નાખ્યું, કાગડાઓ પાણી પી ગયા. કાગડાએ જાણ્યું કે હંસલાં મોતી ચરે છે, તેથીજ દુધ ને પાણીમાંથી તે દુધ પી શકે છે. હવે સરોવર સુકાઇ ગયું ને મોતી ચરવા ન મળ્યાં પછી ઘણે લાંબે વખતે કાગડો હંસને મળ્યો. કાગડે જાણ્યું કે હવે હંસ મોતી ચરતો ન હોવાથી પાણીમાં મળેલું દુધ પી શકશે નહિ. પણ હંસે તો તુરતજ દુધ પીને દાખલો બતાવીને કાગડાને શરમાવ્યો. કાગડો ઉડવા જતો હતો તેવામાં પાંખ પકડીને હંસે કહ્યું.

બીજાની ઇર્ષા કરી, બને કોઇ હેવાન;
આખર શરમાવું પડે, ગણાય તે નાદાન.
બીજાનું સુખ જોઇને, બળે કદી મનમાંય;
ખાડો ખોદે તે પડે, કેહવત એ કહેવાય.

વાર્તા તેરમી.

ચંપો ને ભમરો.

ફૂલવાડીમાં રહેનારો ભમરો માલતી નામનાં ફૂલની સુગંધી લઇને મસ્ત બન્યો હતો. તે ફૂલ જેવું ગુણવાન હતું, તેવોજ ભમરો તેની સાથે પ્રીત કરી રહ્યો હતો. ફૂલવાડીમાં કેવડાનું ઝાડ પણ હતું.

કેવડો, પરસુગંધી દેનારો હોવાથી ભમરાને દૂરથી, તેની બહુ સુંદર વાસ આવી, એટલે પોતાનું અનુભવેલું ફૂલ મુકીને કેવડા તરફ ગયો 'માલતી ફૂલે કહ્યું કે' 'ભમરા ! તારૂં તે કામ નથી. તને કુદરતે જે સુખ આપેલું છે તેને વળગી રહે. બીજાની કને જવાથી તું સઘળું ગુમાવીશ. પોતાનું તે પોતાનુંજ થશે. કેવડો સુગંધીદાર છે, પણ દુરથી ડુંગર રળિયામણા દેખાય, તેવો તે છે. વળી તે કાંટાળો ને સાપનો ભોગી છે.' ભમરાએ માલતીનું કહેવું માન્યું નહિ, અને કેવડા પાસે ગયો. કેવડો, પાસે રાખનારને સુગંધ દેતો નથી તેમ ભમરાને નજીક જતાં સુગંધ આવી નહિ. તેથી પાછો ફરવા ગયો, પણ કાંટામાં સપડાઇ જવાથી સાપે તેને મારી નાખ્યો. ભમરો મરતાં મરતાં બોલ્યો:–

માણસ મુર્ખાઈ કરી, છોડે છે નિજ સૂખ;
પરગુણમાં લોભાઇને, પામે આખર દુઃખ.

વાર્તા ચૌદમી.

કાગડો ને વાણિયો.

મતલબી કાગડો, ઘરમાં કે અગાશીમાં જઈને કોઇનો ચમચો કે વાટકો ઉપાડી જાય. એક વાણિયો કાગડાથી કાયર થઇ ગયો, પણ એ કાગડો પકડાય નહિ. વાણિયાએ એક યુકિત રચી. પોતાના મોંમાં દહીં ભર્યું અને લાંબો થઇ મડદાં પેઠે સુતો. કાગડે મરેલો માણસ સમજીને ઉઘાડાં રાખેલાં મોંમાંથી દહીં ખાવાને આવ્યો. જેવો કાગડો ચાંચ મારવા ગયો કે વાણિયે દાંત બંધ કરી દીધા અને કાગડાની ચાંચ દબાઇ ગઈ. કાગડે જાણ્યું કે આ માણસ જીવતો છે ને તે બીજો. નહિ પણ વાણિયોજ છે. આખર વાણિયે

તેને શિક્ષા કરીને છોડી મુકયો, પણ તે દિવસથી કાગડો ચેતી ગયો, ને વાણિયાને જોઇને દૂર રહેવા લાગ્યો. કાગડાજી એવા છેતરાઇ ગયા કે કોઇ દિવસે કોઇના ઘરમાં જઇને ચોરી કરવાની ટેવ ભૂલી ગયા.

લાખ વાર ચોરી કરે, એક વાર પકડાય;
પણ પકડાયે જે સમે, ખોડ બધી ભૂલાય.

વાર્તા પંદરમી.

વાંદરો ને બ્રાહ્મણ.

એક ભિખારી બ્રાહ્મણ રાજાના મહેલમાં એક રાતે ચોરી કરવા ગયો, તે વેળાએ રાજાના પલંગ નીચે વાંદરો, બાંધેલો હતો તે વાંદરો મ્યાનમાંથી તરવાર કહાડીને જેવો રાજાના પેટ ઉપર મારવા જતો હતો તે બ્રાહ્મણે જોયો એટલે તુરત તેણે વાંદરાનો હાથ પકડી લીધો. બન્નેની ગડબડમાં રાજા જાગી ઉઠયો. એવામાં કોઇ માણસને દીઠો. બ્રાહ્મણે રાજાને ગભરાયલો જોઇને કહ્યું. મહારાજાધિરાજ ? ક્રોધ ન કરશો. હું ગરીબ—ભુખ્યો બ્રાહ્મણ છું. પેટ માટે અહીં ચોરી કરવા આવ્યો છું. હું આપના આ પલંગ પાસે આવું એવામાં એક સાપ, ઉપર ભારવટીયાપરથી બારીવાટે જવાનું કરતો હતો, અને તેનો પડછાયો આપના પેટ ઉપર પડતો હતો, મુરખ વાંદરે પડછાયો જોઇને જાણ્યું હશે કે તે સત્ય આપના અંગપર ધસે છે તેથી તરવાર કહાડી આપના પેટપર મારવા જતાં મેં તેને પકડયો, ને સાપ નાશી ગયો. રાજા, આ સાંભળીને ખુશી થયો, અને બ્રાહ્મણને જોઇતું ધન આપીને બોલ્યો:—

ડાહ્યો પણ દુશ્મન ભલો, નહિ મિત્ર નાદાન;
સમજી સમજીને રહે, મૂરખ લહે છે પ્રાણ.

વાર્તા સોળમી.

ચોર ને વાણિયો.

દુકાળના વખતમાં ચોર લોકોનું જોર વધી પડયું. ગામડા ગામમાં માત્ર એક બે વાણિયા વેપારી રહે, તેમને બહુ સંભાળવું પડે. એક ગામડામાં મૂળા નામે વાણિયો રહેતો હતો. તેને ત્યાં રાત્રે એક વેળા ચોર આવ્યો, પણ ગડબડ જોઇને ચાલ્યો ગયો. એ ચોર જતાં જતાં વાણિયાની નજરે પડયો. વાણિયે જાણ્યું કે હવે ચોર અહીં પણ આવવા મંડયા. બીજે દિવસે તેણે પોતાની બાઇડીને કહ્યું કે "આપણે ત્યાં ચોર આવે છે માટે આજે આવે તો નવી યુક્તી કરીને સપડાવવા. પ્રથમ તમારે ચૂલા પાસે એક માટીનું માટલું મુકવું ને તેમાં બે વીંછી પકડીને રાખી મૂકવા. તે પછી હું પુછું કે સોનાની વાળીઓ કયાં છે? ત્યારે જવાબ દેજો કે માટલામાં છે." આ રીતે વાણિયાએ જુક્તી રચી ને બાયડીએ તે પ્રમાણે કર્યું. રાત્રે બન્ને સુતાં એવામાં ચોર અંદર દાખલ થયા તેવોજ વાણિયાએ તેની બૈરીને આગલી વાળીની વાત પૂછી, બૈરીએ શીખવ્યા પ્રમાણે કહ્યું. ચોરે જાણ્યું કે ઠીક તક આવી. ચોર તો ચૂલા પાસે ગયો અને સાંકડા મોઢાના માટલામાં મુશીબતે હાથ નાંખ્યો, પણ જ્યાં હાથના આંગળાં ધારેલી વાળીઓને અડકવા ગયાં કે વીંછીએ ડંસ કર્યો. ચોરથી બૂમ પણ પડાય નહિ, તેમ હાથ પણ કઢાય નહિ. હાથ આમ તેમ ફેરવતાં બીજો વીંછી કરડયો, અને જોરથી બુમ પડી ગઇ. એક તરફથી ચોર બુમ પાડે અને બીજી તરફથી વાણિયો બુમ પાડે. આ શોરથી લોકો એકઠાં થઇ ગયાં અને ચોરને પકડીને ખૂબ સજા કરી. વાણિયાની આ જુક્તી ઉપર સૌ લોકો ખુશ થયા.

જુકિત કીએ એ રીતે, મતલબ સરતી હોય,
લાગે નહિ કદી લાકડી, સાપ મરે નહિ કોય.

વાર્તા સત્તરમી.

આંધળાની એક આંખ.

એક તોતડો છોકરો આજારી પડયો, અને શીતળાના દર્દથી એક આંખે બાડો થયો, તેથી કોઇ પણ વાણિયાઓ તેને છોકરી આપે નહિ. વાણિઓ અંતે લાંબે દેશાવર વેશવાળ કરવા ગયો. આ વાણીયો આબરૂદાર હોવાથી એક ગૃહસ્થે પોતાની દીકરી, તેના છોકરાને વરાવી, પણ વેશવાળ કરતી વેળા પેલો પ્રદેશી વાણિયો બોલ્યો કે '**જુઓની શેઠ? મને તો આંધળાને એક આંખ છે?**' સર્વે જણે જાણ્યું કે એકનો એકજ દીકરો હોય તે એમજ બોલાય—એ પછી છોકરો પરણાવ્યો, અને એક આંખે બાડો જોઇને લોકો ચર્ચા કરવા લાગ્યા. છોકરાંનાં સાસરાંએ કન્યા પરણાવવાની ના કહી, ત્યારે છોકરાના બાપે કહ્યું કે, "ભાઇ? વેશવાળ કરતાં મેં કહેલું છે કે મારે તો આંધળાને એક આંખ છે, તમે ગમે તે સમજો. હવે પરણાવવાની ના કહેવાય નહિ?' પછી સારાં માણસ કજીયાની વચ્ચે પડયાં ને આખર બોલેલું પળ્યું. એ છોકરો વરી ગયો ને તેને છોકરાં બચ્ચાંએ થઇ ગયાં:—

બોલી બોલે જે સમે, સમજેલી સમજાય;
સંશયવાળી હોય જો, તો અંતે દુઃખ થાય.

વાર્તા અઢારમી.

નવરા બેઠા નખોદ વાળે.

એક ભરવાડ નદીના કિનારાપર ઘેટાં ચરાવતો હતો. વરસાદના દિવસ હોવાથી નદીમાં થોડું પૂર આવેલું હતું, તેવામાં સામે કાંઠે

એક પોતાના સોબતીને જોઇને ભરવાડે તેને બોલાવ્યો. સામાવાળાએ કારણ પુછ્યું, પણ બીજું કંઈ ન જણાવતાં પાસે આવવા કહ્યું. પેલો બિચારો નદીનાં પાણી તરીને મહા મહેનતે ડૂબતો બચતો આવ્યો, ને પુછ્યું કે 'ભાઇ શું કહે છે?' ત્યારે ભરવાડ બોલ્યો કે 'સાળાં લઇને કેમ નાં આઠીઉં?' પેલાએ કહ્યું કે, "મુરખા ત્યારે તહીંથીજ કહીએ કેની?" હું ડુબતો આવ્યો ને વાતમાં તો દમ મળે નહિ. ખરેખર તું પણ 'નવરો બેઠો નખોદ વાળે' તેવો લાગે છે, પેલો બિચારો પાછો પોતાનાં જાનવર પાસે ચાલ્યો ગયો.

આવ ભાઇ હરખા, કે આપણે બેઉ સરખા;
કામ ન હોય જ્યારે, તોપ મારે ત્યારે.

વાર્તા ઓગણીસમી.

ભોળો ને મીઠો.

ભોળો કરીને શાહુકારનો છોકરો હતો. તેનામાં નામ તેવા ગુણ હતા. મીઠો તેનો દોસ્ત હતો; મીઠા નામમાં કડવો ગુણ હતો. એ છોકરો ઘણો લુચ્ચો ને ચોર તથા જુગારી હતો. ભોળાને બહુવાર પટાવીને ફોસલાવતો, ને પૈસા લઇ જતો. એક વેળા આ લુચ્ચો મીઠો જુગારમાં હારી ગયો, અને ભોળાએ પૈસા આપવા ના કહ્યું, ત્યારે તક જોઇને તેને એક જંગલમાં મીજમાનીને માટે લઇ ગયો. ભોળો વિશ્વાસુ હતો એટલે તેને કપટ જણાયું નહિ. જંગલમાં જઇને પેલા લુચ્ચા મીઠાએ બિચારા ભોળાને બાંધ્યો અને દાગીના કાઢી લીધા, પણ જો તેને જીવતો રહેવા દે તો ખબર પડી જાય, માટે ગાંસડી બાંધીને વાવડીમાં ફેંકવાની તૈયારી કરી. ભોળો એકદમ પાણી-

પર તરીને ઉપર ન આવે માટે પથ્થરા ભરવા માટે તે લેવા ગયો. એવામાં પથ્થર નીચેથી સાપ નીકળ્યો, અને લુચ્ચા મીંડાને કરડી ખાધો. મીંડો મરતાં મરતાં બોલ્યો:–

વિશ્વાસઘાત કરતાં નિજ જીવ ખોયે,
જૂઠું વદી પળપળે દુઃખ બૂરૂં જોયે,
બુરી નીતિ થકી કદી ફળ સારૂં ધારે,
ના–ના–મરે જીવ થકી, નિજ પાપ મારે.

વાર્તા વીસમી.

બહુરૂપી મેંઢું.

ગરીબ મેંઢું શિયાળાની ટાઢને લીધે એક ગળિયારાના દરવાજા પાછળ સંતાઇ પેઠું, એવામાં દરવાજો ઉઘાડતાં મેંઢું ગળીના કુંડામાં પડી ગયું. ગળિયારે તપાસ કરી, તો મેંઢું દેખાયું. તરત તેને કાઢીને બહાર ચરવા મુકયું. પાદરમાં જતાં રાતના એક વાઘ મળ્યો. મેંઢું સફેદ રંગનું હતું. પણ ગળીના કુંડમાં પડેલું હોવાથી કાળું થઈ ગયું હતું. એ જોઇને વાઘને બીક લાગી, અને દૂરથી પુછયું. 'રે અલ્યા! તું કોણ છે?' મેંઢાંએ જાણ્યું કે આપણો રંગ ફરી ગયેલો જોઇને વાઘ ભયથી પુછે છે માટે દમથી વાત કરવી. મેંઢાએ જબાબ દીધો–'ભાઇ! મને તું ના પુછ; મેં બસો વાઘ મારવાનો નિયમ લીધો છે, તેમાં મારો છેલ્લો ખોરાક તુંજ છે. હવે તું નાશી ન જાય તો મારૂં કામ પુરૂં થાય.' એ સાંભળીને વાઘ પાછી પાની કરતો નાશી ગયો. મેંઢું એ જોઇને બહુજ રાજી થયું. તેવામાં એક હાથી આવ્યો. તે જોરાવર જાનવર પણ

આ બહુરૂપી મેંઢાંને જોઇને ડરવા લાગ્યા. મેંઢાંએ મોટથી કહ્યું ' રે અલ્યા હાથી ? બસો વાઘ મારી ખાવાનો નિયમ પુરો થયો-હ હાથી મારવાના છે. તેમાં છેલ્લો તું રહેલો છે. જો તું મને ચ નદી સામે પાર લઇ જાય તો તને છોડીશ.' હાથીએ કબુલ કી અને પોતાના મસ્તક ઉપર બેસાડીને મેંઢાંને પેલેપાર લઇ ગયે મેંઢું મગરૂર થયું, અને મગરૂરીમાં આખરે બોરડીના જાળામ પેસીને બોરડી ખાવા લાગ્યું, એવામાં વાઘ અને વાઘણ ત્યાંથ પસાર થતાં હતાં તેના જોવામાં આવ્યું. વાઘે જાણ્યુ કે એ તે ઘેટું છે ! પ્રથમ તો ખરેખર ભૂલ થઇ. પછી વાઘને રીસ ચડી, અને પેલા બહુરૂપી ઘેટાંને મારી ખાધું. મેંઢું મરતાં મરતાં બોલ્યું.

નિર્બળ મન મોટું થઈ, જો બળ કરવા જાય;
શક સબાળી નવ શકે, તો ખત્તા તે ખાય.

વાર્તા એકવીશમી.

ઘરડો સાપ.

એક સાપ ગરીબ થઇને રહેતો હતો. કોઇ પણ જીવજંતુ પશુ પ્રાણીને બોલાવતો નહિ. સાપને નબળો જાણીને જનાવરે ચટકાં ભરતાં, ને મુસાફરો પથરા ફેંકતા હતા. સાપના ગુરૂ અજ ગરે એવું જોઇને પોતાના ચેલાને કહ્યું ' ભાઇ ? તું નબળો થઇ બેસી ન રહે ! કોઇને કરડીશ નહિ, પણ ફુંફવાટો રાખજે !' સાપે ગુરૂની શીખામણ માનીને તેમ કીધું તો આગલાં દુઃખમાંથી છુટે થયો અને તે દિવસથી સઘળી પીડા ટળી ગઇ.

નબળાં થઇને બેસતાં, લુચ્ચાં જન લે લાભ;
દયા સાથ દમ મારતાં, રહે આપણો દાબ.